૨૫૯૪-૨૬૭૮
ક્રમાંકઃઅનદ.૧/૫/૨૦૧૬/
કમિશનર ,શાળાઓની કચેરી,
ર/૧ ,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા ,.ગાંધીનગર,
તા.૧૯/૦૨/૨૦૧૬

<u>વંચાણે લીધાઃ</u>

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/૧૦૧૪/૧૪૦/ઞ, તા.૨૧/૧૨/૨૦૧૫
2. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃઉમશ/૧૨૧૪/૨૧૩/ગ.૧, તા.૨૦/૦૧/૨૦૧૬

<u>કચેરી આદેશઃ</u>

રાજ્યની અનુદાનિત માધ્યમિક શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદ્ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્ય પ્રણાલી શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી નિયત થયેલ છે.

| વિગત | તાસદીઠ માનદ્ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| માધ્યમિક શિક્ષણ | રૂ.૭૫/- | ૬ તાસ | રૂ.૪૫૦/- |

માધ્યમિક શિક્ષણમાં ઉચ્ચક માસિક મહત્તમ માનદ્ વેતનની મર્યાદા રૂ.૧૩૫૦૦/-થી વધે નહીં તે રીતે રાખવાની જોગવાઇ થયેલ છે. ઠરાવમાં નીચે મુજબની અન્ય જોગવાઇઓ નિયત થયેલ છે.

- ➤ શાળાઓમાં શિક્ષકોની વિષયવાર ભરતી થતી હોય છે અને શિક્ષકને એક કરતા વધારે વર્ગમાં શિક્ષણકાર્ય સોંપવામાં આવતુ હોય છે તેથી નિયમિત શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીને શિક્ષણકાર્યથી વંચિત રહેવુ ન પડે તે માટે પ્રવાસી શિક્ષક (મુલાકાતી શિક્ષક)ની સેવાઓ લેવા માટે જે તે વિષય શિક્ષક એવો લેવાનો રહેશે જે એક કરતા વધારે ધોરણમાં ભણાવી શકે.
- ➤ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ એક માસથી વધારે સમયની રજા મુકી હશે તો તે એડવાન્સમાં આચાર્યશ્રી પાસેથી મંજુર કરાવવાની રહેશે. આચાર્યએ આવી રજા મંજૂરી માટે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસે એક માસથી વધારે સમયની રજા હોય તો તે એડવાન્સમાં મંજુર કરી તે શિક્ષકની ગેરહાજરી દરમ્યાન શિક્ષણ કાર્યને પહોંચી વળવા માટે મુલાકાતી શિક્ષક માટે જેની સેવાઓ લેવા નક્કી કર્યુ હોય તેની જાણકારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને આપવાની રહેશે. તે મુજબ થયેલ જોગવાઇ મુજબ જિશિઅશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.
- ➤ આ મુલાકાતી શિક્ષકને નિયત માનદ્ વેતન ઉચ્ચક દરે ચુકવવામાં આવશે તે માટે જે તે શાળાની રજુઆત મળ્યેથી તેની ગણતરી કરી ચુકવવાની થતી ઉચ્ચક ગ્રાન્ટ આચાર્યના હવાલે ફાળવવા/મુકવા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે. તે મુજબ થયેલ જોગવાઇ મુજબ જિશિઅશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૬ના ઠરાવથી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના પ્રવાસી શિક્ષકો માટે માનદ વેતનથી ખર્ચ કરવા માટેની વહીવટી મંજૂરી મળેલ છે. જેની શરતો નીચે મુજબ છે. જેનુ પાલન કરવાનુ રહેશે

શરતો:-

1. આ દરખાસ્તોનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામા સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થયા તો તે અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે
2. આ અંગેનો ખર્ચ સુધારેલ બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
3. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમા બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.
4. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો પરીપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિ થી કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
6. આ યોજના હેઠળ નિયત કરવામ આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાન રહેશે.
9. આ અંગેનો ખર્ચ માંગણી ઉપર ક ષ્ટકમાં દર્શાવેલ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

ઉપરોકત મંજુર કરવામાં આવેલ રકમમાંથી કરવામાં આવેલ ખર્ચ અને બચત રહેતી રકમની સંપૂર્ણ વિગતો નિયત સમયમર્યાદામાં રજુ કરવા ની રહેશે.

(ઇ.પી.દેસાઇ)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

સંયુકત નિયામકશ્રી(હિસાબ)સદર કચેરી.
હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૨) સ ર કચેરી ગ્રાન્ટ ઓનલાઇન કરવા અર્થે.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ
મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ.